J8V3L7

# ૪ સિંહ ઘૂઘવે બકરો ભાગે

**આવો! એક મજાનું ગીતડું ગાઈએ અને હા, ગાતાં ગાતાં હરણાં બનીને નાચવા કૂદવાની મજા પણ લઈશું જ. તો ચાલો, ઊભા થઈ જાઓ!**

સુંદર વનમાં વસતાં હરણાં,
ઝરણાંનાં જલ પીતાં હરણાં,
લીલાં તરણાં ચરતાં હરણાં,
અદ્‌ભુત રમણા કરતાં હરણાં!
હેતભર્યાં શાં હીંચે હરણાં!
રંગભર્યાં સાં નાચે હરણાં!

દર્શનથી દિલ ખેંચે હરણાં,
અંતરમાં રસ સીંચે હરણાં!
વ્હાલાં ઓ મનહરણાં હરણાં!
છે નાજુક ને નમણાં હરણાં!
રમવા આંગણ આવો, હરણાં!
લહાવો વનનો લાવો, હરણાં!

- અમૃતલાલ પારેખ

**હરણાંની જેમ ચાર લાંબા કૂદકા એટલે કે ચાર મોટી છલાંગ મારો. હરણાં જેવી છલાંગને 'હરણફાળ' પણ કહેવાય એ તમને ખબર છે? હવે આપણે બીજાં પ્રાણી-પક્ષીઓને પણ યાદ કરીએ. આવું મોટાભાગે કોણ કરે? પ્રાણી-પક્ષીનો ક્રમ ( ) માં લખો.**

| અ | બ |
|---|---|
| ૧. રંગ બદલી શકે. (··ખ··) | (અ) ઘુવડ |
| ૨. લાંબો સમય પાણી વગર રહી શકે. (·······) | (બ) ચામાચીડિયું |
| ૩. ઊંધું લટકીને ઊંઘે. (·······) | (ક) કૂતરું |
| ૪. માણસની જેમ બોલી શકે. (·······) | (ખ) કાચિંડો |
| ૫. રાત્રે પણ જોઈ શકે. (·······) | (ગ) ઊંટ |
| ૬. પીંછાં ફેલાવી કળા કરે. (·······) | (ઘ) અળસિયું |
| ૭. ગંધ પારખી વસ્તુ શોધી કાઢે. (·······) | (ચ) વાંદરો |
| ૮. પાણી અને જમીન બંને જગ્યાએ જીવી શકે. (·······) | (છ) પોપટ |
| ૯. એક ડાળ પરથી બીજી ડાળ પર કૂદી શકે. (·······) | (ઝ) મોર |
| ૧૦. બે કટકા થાય તોય જીવતું રહે. (·······) | (ટ) કાચબો |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાર્તા સાંભળો-વાંચો.

## સાચો બેટો - ખોટો બેટો

એક સિંહણને બચ્ચું જન્મ્યું. સિંહ બચ્ચા માટે જાતજાતનો ખોરાક લાવી આપતો. સિંહણ બચ્ચાને જીવની જેમ જાળવતી.

એક વખત સિંહ વનમાં ફરી રહ્યો હતો. શિકારની શોધમાં હતો. પરંતુ કોઈ પ્રાણી ન દેખાતાં તે એક ઝાડ નીચે હતાશ થઈને બેઠો હતો. એવામાં એક બકરીનું બચ્ચું આમતેમ કૂદકા મારતું તેની નજરે પડ્યું. સિંહે તેને પકડી લીધું, પરંતુ તેને મારતાં તેનો જીવ ચાલ્યો નહીં. તેને દયા આવી. મનમાં થયું કે 'જેમ મારું બચ્ચું મને વ્હાલું છે, તેમ સૌને પોતાનું બચ્ચું વ્હાલું હોય. હું આને સિંહણ પાસે લઈ જાઉં, ત્યાં તે મારા બચ્ચા સાથે રમશે અને મોટું થશે.'

સિંહ બકરીના બચ્ચાને સિંહણ પાસે લઈ ગયો. સિંહણ લવારું જોઈને નવાઈ પામી. તેણે સિંહને પૂછ્યું : ''આ બકરીનું જીવતું બચ્ચું કેમ લાવ્યા? શું તે આપણો શિકાર નથી?''

સિંહે કહ્યું, ''મને કુદરતી રીતે તેના ઉપર હેત ઊપજ્યું એટલે તેને મારી ન શક્યો.''

સિંહણ બોલી, ''તો હું પણ તેને નહિ મારું. ભલે તે આપણે ત્યાં રહે, તે પણ ધાવતું બાળ છે, એટલે આપણા બચ્ચા જોડે મોટું થશે.''



બકરીનું બચ્ચું સિંહના બચ્ચા સાથે ઊછરવા લાગ્યું.

બંને બચ્ચાં સાથે સાથે દૂધ પીએ, સાથે રમે અને આનંદ કરે. તેમને રમતાં જોઈ સિંહ અને સિંહણ ખુશ થાય. બકરીનું બચ્ચું પણ એ બંનેની હૂંફ મળતાં ખુશખુશાલ હતું.

સમય પાણીના રેલાની જેમ વહેવા લાગ્યો. બકરીનું બચ્ચું તો સિંહણને ધાવીને ખૂબ હૃષ્ટપુષ્ટ થઈ ગયું હતું. હવે તે કદાવર બકરો બની ગયું હતું. તેની આગળ સિંહનું બચ્ચું પણ નાનું લાગતું હતું.

સિંહણ આ પોતે ઊછેરેલા બકરાને 'મોટિયો' કહેતી હતી અને પોતાના બચ્ચાને 'નાનિયો.'

સિંહણનું બચ્ચું બકરીના બચ્ચાને મોટાભાઈ તરીકે માન આપતું હતું.

(હવે આગળ શું થશે?)

એક વખત નાનિયો અને મોટિયો રમતરમતમાં એવી જગ્યાએ પહોંચી ગયા જ્યાં ઘણા હાથી હતા.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હાથીઓને જોઈ સિંહનું બચ્ચું ઝનૂની બની ગયું. તે ઘૂરકતું હાથી સામે જવા લાગ્યું. એટલે બકરો કહેવા લાગ્યો, ''અરે મૂર્ખ! તું વળી બળિયા સાથે બાથ ભીડવા ક્યાં તૈયાર થયો? આ હાથીઓ તો મોટાં મોટાં વૃક્ષોને ઊખેડી નાખે તેવાં હોય છે, તેની આગળ આપણું શું ગજું? માટે ઓ નાનિયા, પાછો ફર.''

સિંહનું બચ્ચું બકરાનો 'મોટાભાઈ' તરીકે આદર રાખતું હતું તેથી તેણે આજ્ઞાનો અનાદર કર્યો નહિ. તરત જ તે પાછું ફર્યું. પછી બંને ઘરે આવ્યા.

સિંહણે કહ્યું, ''તમે અત્યાર સુધી ક્યાં હતા? ક્યારની હું તમારી રાહ જોતી હતી.''

મોટિયો બોલ્યો, ''મા, રમતરમતમાં અમે જરા દૂર નીકળી ગયા હતા, એ તો સારું થયું કે મને સારી બુદ્ધિ સૂઝી, નહિતર આજે તો મારા ભાઈનો ભુક્કો બોલી જવાનો હતો.''

આ સાંભળી સિંહણ ચોંકી ગઈ, તેણે બકરાને પૂછ્યું, ''બેટા ! કંઈ ચોખવટથી વાત કર. ક્યાં ફસાઈ ગયા હતા તમે?''

બકરાએ કહ્યું, ''મા, એક ઠેકાણે હાથીઓ જોઈને મારો ભાઈ ખૂબ ઉશ્કેરાઈ ગયો હતો, તે હાથીને મારવા માટે સામે ધસી જતો હતો, પણ મેં તેને રોક્યો, તે મારી વાત માની ગયો. નહિતર હાથીઓએ તેને મારી નાખ્યો હોત. મા, મેં સારું કર્યું ને?''

સિંહણે કહ્યું, ''બેટા! તું બધી બાબતોમાં હોશિયાર છે, પણ તારી અને અમારી જાત જુદી છે. હવે તું ડાહ્યો થઈને તારા બકરાના ટોળામાં ચાલ્યો જા. આજે મારા બેટાએ 'મોટાભાઈ' તરીકે તારી આજ્ઞા પાળી છે, પરંતુ હવે તે મોટો થયો છે. ખરો સિંહ બન્યો છે. કોઈ દિવસ તને અને હાથીને પણ સપાટામાં લઈ પૂરા કરી નાખશે.''

તેણે સિંહણની આંખોમાં જોયું અને બધી વાત સમજી ગયો. બીજે જ દિવસે વહેલી સવારે તે ત્યાંથી જતો રહ્યો.

- **વાતચીત:**
- તમે સિંહણ હોત તો તમે છેલ્લે શું કર્યું હોત?
- તમે અલગ અલગ જાતિનાં પ્રાણીઓને સાથે રહેતાં-રમતાં જોયાં છે? તમારો અનુભવ કહો.
- તમે કૂતરા, બિલાડી, ગાય, ભેંસ કે બીજા કોઈ પ્રાણીને રમાડો ત્યારે શું શું કરો?
- મોટા ભાઈ કે બહેનની આજ્ઞા માનવી જોઈએ? શા માટે?
- તમે કોનું કોનું કહ્યું માનો છો? કેમ?


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**તમે વાર્તા સાંભળવાની મજા માણી. હવે વાર્તાને યાદ કરતાં કરતાં એક શબ્દમાં પ્રશ્નોના જવાબ લખો.**

૧. બકરીનું બચ્ચું અને સિંહનું બચ્ચું ખરેખર એકબીજાના ભાઈ હતા? ..........

૨. લવારાને કોણે ઉછેર્યું? ..........

૩. કોનું બચ્ચું શિકારી ન હતું? ..........

૪. બકરી અને સિંહના બચ્ચાંમાંથી કોનું બચ્ચું નાનું લાગતું હતું? ..........

૫. આ વાર્તામાંથી એક માનવાચક શબ્દ શોધીને લખો. ..........

**વાર્તાના આધારે વાક્ય ખરું કે ખોટું છે તે કહો. ખરું હોય તો (✓) ખરાની નિશાની કરો અને ખોટું હોય તો (✗) ખોટાની નિશાની કરો.**

૧. શિકારની શોધમાં નીકળેલા સિંહે બકરીના બચ્ચાને પકડ્યું. ( )

૨. સિંહને થયું કે આ બચ્ચું સિંહણને ગમશે. ( )

૩. બકરીના બચ્ચાને જોઈ સિંહણને થયું, પતિદેવ આ સરસ ભોજન લાવ્યા છે. ( )

૪. બકરીનું બચ્ચું નાનું હતું તેથી સિંહણે તેને સ્વીકારી લીધું. ( )

૫. થોડા દિવસમાં બકરીનું બચ્ચું કદાવર બની ગયું. ( )

૬. કદાવર બકરાને સિંહણ મોટાભાઈ કહેતી હતી. ( )

૭. એકવાર મોટિયો હાથીની પાછળ પડ્યો. ( )

૮. મોટિયાએ નાનિયાને હાથી પર હુમલો કરતાં રોક્યો તે સિંહણને ન ગમ્યું. ( )

૯. હાથીએ નાનિયાનો ભુક્કો બોલાવી દીધો. ( )

૧૦. બકરો જંગલમાંથી જતો રહ્યો. ( )

**'બકરીના દુઃખી બચ્ચાએ ગર્જના કરી' એમ કહું તો તમને સાચું લાગે કે ખોટું? તો આપેલો શબ્દ કયા વાક્યમાં ખોટી રીતે વપરાયો છે તે શોધીને તેની નીચે લીટી કરો તથા વાર્તામાં જ્યાં જ્યાં તે શબ્દ આવતો હોય ત્યાં શબ્દ ફરતે ◯ કરો.**

૧. **આજ્ઞા** : અ. રાજાએ મંત્રીને આજ્ઞા કરી, 'ચોર શોધી કાઢો.'

બ. શિક્ષકે શીતલને આજ્ઞા કરી કે તું બહુ મહેનતુ છે.

૨. **અનાદર** : અ. સચિન ક્યારેય ગુરુની આજ્ઞાનો અનાદર કરતો નથી.

બ. ભાઈ આવતાં જ હેમંત ઊભો થઈ ગયો. આમ તેણે ભાઈનો અનાદર કર્યો.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આપેલા પ્રશ્નો માટેનો જવાબ કૌંસમાંથી શોધો. તમને જે તરત આવડી જાય એ ખાલી જગ્યા પહેલાં ભરી લો.** (ચોખવટથી, જીવની જેમ, હતાશા, ઝનૂની, ઉશ્કેરાઈને, હૃષ્ટપુષ્ટ, ભુક્કો બોલી જાય, ખુશખુશાલ)

૧. મમરાના લાડવા પર ધોકો મારીએ તો તેનું શું થાય? ..........

૨. જો તમે દરરોજ દૂધ, લીલાં શાકભાજી, ફળ વગેરે પૌષ્ટિક ખોરાક ખાઓ તો તમે કેવાં થઈ જાઓ? ..........

૩. બીજાને સમજાવવા માટે તમારે કેવી રીતે વાત કરવી જોઈએ? ..........

૪. જગને કેવી રીતે વાત કરી જેથી મગન ડરી ગયો? ..........

૫. તરસ્યા કાગડાને કોઈ જગ્યાએથી પાણી ન મળ્યું તેથી તેને શું થયું? ..........

૬. તમને સૌથી વધુ ગમતી વસ્તુ તમે કેવી રીતે સાચવો? ..........

૭. પ્રવાસમાં જવાની મંજૂરી મળતાં ઝુબેર કેવો દેખાતો હતો? ..........

૮. વાઘ કેવું પ્રાણી છે? ઝનૂની

- **અરે! જુઓ, જુઓ, તમને ગીતડું ગવડાવવા હરણફાળ ભરતાં હરણાં આવી ગયાં છે! ગીતડું ગાવા તૈયાર થઈ જાઓ : સુંદર વનમાં વસતાં હરણાં...**

**'અ' વિભાગનાં વાક્યો સાથે 'બ' વિભાગનાં કયાં વાક્યોનો અર્થ બંધબેસતો થાય છે તેનો ક્રમ ( ) માં લખો.**

| અ | બ |
|---|---|
| ૧. મારી મમ્મી મને બહુ હેત કરે છે. ( ) | (૧) હૃષ્ટપુષ્ટ ગલૂડિયું જોઈ મને વહાલ ઊભરાયું. |
| ૨. એકાએક ડાઘિયો કૂતરો સામે આવ્યો તો હું ચોંકી ગયો. ( ) | (૨) ઘરમાં સાપ નીકળ્યો પણ તેને મારી નાખવા મારું મન માન્યું નહિ. |
| ૩. ચકલીના માળાને ફેંકી દેતાં મારો જીવ ચાલ્યો નહીં. ( ) | (૩) ટેબલનું ખાનું ખોલતાં જ વંદો જોઈ મીના ચમકી ગઈ. |
| ૪. દરિયાનાં મોજાંના સપાટાથી તે તણાઈ ગયો. ( ) | (૪) ગુસ્સે થયેલા ભીમે જોરથી બૂમ પાડી તે સાથે જ રાક્ષસો છૂ થઈ ગયા. |
| ૫. બિલાડીઓને સામસામાં ઘૂરકિયાં કરતી જોઈ કૂતરું ત્યાંથી ભાગી ગયું. ( ) | (૫) પવનના જોરદાર ધક્કાથી વડલો પડી ગયો. |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્નોના જવાબ આપો.

૧. બકરીના બચ્ચાને મારી નાખવા માટે સિંહનો જીવ કેમ ન ચાલ્યો?

૨. સિંહ-સિંહણ બકરીના બચ્ચાને પોતાના સંતાનની જેમ સાચવતાં હતાં? કેવી રીતે ખબર પડી?

૩. સિંહણે બકરાનું નામ 'મોટિયો' શા માટે પાડ્યું હશે?

૪. હાથી સામે ધસી જતા નાનિયાને મોટિયાએ પાછા ફરવાની સલાહ કેમ આપી હશે?

૫. મોટિયાએ નાનિયાને રોક્યો તે સારું કર્યું કે ખરાબ? કેમ?

૬. બકરો શા માટે જતો રહ્યો?

૭. છેવટે બકરો શું સમજી ગયો?

૮. સિંહણે બકરાને આવું કહ્યું હતું? 'હા' કે 'ના' લખો.

- સિંહ તો ગમે તેટલા મોટા પ્રાણી પર હુમલો કરે જ. (   )
- મોટો થયેલો સિંહ બકરા, હાથી કે કોઈ પણ પ્રાણીને મારી શકે. (   )
- અમે અને તમે પ્રાણીઓ છીએ એટલે જાતભાઈઓ જ કહેવાઈએ. (   )
- તું પણ મારો દીકરો છે તને જવાનું કહેતાં મારો જીવ ચાલતો નથી. (   )
- તું મારી વાત સમજ અને તું તારા જાતભાઈઓ પાસે જતો રહે. (   )
- કોઈ દિવસ તે તને અને હાથીને સપાટામાં લઈ પૂરા કરી નાખશે. (   )

૯. મોટિયાએ નાનિયાને રોક્યો એ વાત નાનિયાએ કઈ રીતે કહી હોત? (અધૂરી વાત પૂરી કરો.)

"મા, અમે રમતાં રમતાં ઘણે દૂર જતા રહ્યા. ત્યાં હાથીઓનું ઝુંડ હતું...

## કોણ બોલી શકે?

૧. .................................: શિકાર નહિ મળે તો હું શું કરીશ?

૨. .................................: અરેરે! મારું બચ્ચું ક્યાં ખોવાઈ ગયું હશે?

૩. .................................: મને જીવતું રાખવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર!

૪. .................................: હું એમ માની લઈશ કે મારે એક નહીં બે બચ્ચાં છે.

૫. .................................: આ તો મને જોઈને ઘૂરકી રહ્યું છે, ક્યાંક મારા પર હુમલો તો નહિ કરે ને!

૬. .................................: મને રોક્યો ન હોત તો હાથીડાને પૂરો જ કરી નાખત.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાક્યોને ક્રમમાં ગોઠવો ત્યારબાદ, થોડી નવી વિગતો ઉમેરી વાર્તા બનાવો.

...... બકરીનું બચ્ચું સિંહના બચ્ચા સાથે ઊછરવા લાગ્યું.

...... બકરો પોતાના જાતભાઈઓ સાથે ભળી ગયો.

...... હાથીઓને જોઈ સિંહનું બચ્ચું ઉશ્કેરાઈ ગયું.

...... શિકાર ન મળતાં સિંહ હતાશ થઈ ગયો.

...... સિંહનું બચ્ચું અને બકરો રમતરમતમાં ખૂબ આગળ ચાલ્યાં ગયાં.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

- **ચાલો, ફરી હરણાં સાથે આવી ગયું છે ગીતડું : સુંદર વનમાં વસતાં હરણાં...**

## અભિનય સાથે બોલો.

૧. મને કુદરતી રીતે તેના પર હેત ઊપજ્યું.

૨. અરે મૂર્ખ! તું વળી બળિયા સાથે બાથ ભીડવા ક્યાં તૈયાર થયો?

૩. તમે બંને અત્યાર સુધી ક્યાં હતા?

૪. એ તો સારું થયું કે મને સારી બુદ્ધિ સૂઝી, નહિતર મારા ભાઈનો આજે ભુક્કો બોલી જવાનો હતો.

૫. ડાહ્યો થઈને તારા બકરાંના ટોળામાં ચાલ્યો જા.

## જૂથકાર્ય કરો. 'સાચો બેટો - ખોટો બેટો' વાર્તા નાટકની જેમ તૈયાર કરી વર્ગમાં ભજવો.

## પ્રશ્નોના જવાબ લખો.

૧. તમને સિંહ સારો લાગ્યો કે ખરાબ? કેમ?

૨. સિંહણે બકરીના બચ્ચાને ઉછેરીને સારું કર્યું કે ખોટું? કેમ?

૩. સિંહ દયાળુ હતો એવું કયા પ્રસંગના આધારે કહી શકાય?

૪. સિંહણે બકરીના બચ્ચાને બકરાંના ટોળા સાથે જવા કેમ કહ્યું હશે?

૫. બકરીનું બચ્ચું હાથીનો શિકાર કરી શકે? હાથીનો શિકાર કોણ કોણ કરી શકે?

૬. બકરીનું બચ્ચું બકરાંના ટોળા ભેગું ગયા પછી શું થયું હશે?

૭. સિંહનું બચ્ચું આખી જિંદગી બકરીના બચ્ચા સાથે જ રહેતું હોત તો શું થાત?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ફકરો ધ્યાનથી વાંચો. તેની નીચેના આપેલા શબ્દોને સાચી રીતે લખો. અને ફકરામાં એ શબ્દો નીચે લીટી કરો.**

મારે યુરોપમાં જાતજાતના શ્રોતાગણની આગળ બોલવાનું થતું. એમાં એક વિશિષ્ટ શ્રોતાગણ હતો. એને માટે ખાસ તૈયારી કરવાની જરૂર નહોતી ને તોય સૌથી અણધાર્યા પ્રશ્નો અને વિકટ પ્રસંગો તો એમાં જ ઉત્પન્ન થતા. નજીકનાં અને દૂરનાં સગાંઓનાં નાનાં છોકરાં તથા ભત્રીજા-ભત્રીજીઓનો એ ગણ હતો. તેઓ ભલભલા પત્રકારોને પણ ન સૂઝે એવા પ્રશ્નો પૂછે અને જવાબ માટે અત્યંત આગ્રહ રાખે. એમની સભા ગમે ત્યારે બેસે-અને ગમે ત્યારે ઊઠે. અને એમના ઉત્સુક ચહેરા ઉપર એકએક વાતનો તરતનો પ્રતિભાવ અંકાતો જાય.

(ફાધર વાલેસ)

| | | | |
|---|---|---|---|
| વિષ્ટશિ ········· | તાશ્રોગણ ········· | ત્યંઅત ········· | અણર્યાધા ········· |
| શ્રોપ્ર ········· | ત્સુકઉ ········· | ઉન્નત્પ ········· | ભજીત્રી ········· |
| ગ્રઆ ········· | રકાત્રપ ········· | ધાસભ્યરા ········· | શ્રોરીપ્રત્ત ········· |

*'મારે યુરોપમાં...' ફકરાનું શ્રુતલેખન કરાવો.*

**જોડીમાં કામ કરો. એકબીજાને શ્રુતલેખન કરાવો અને ચકાસો.**

નામ ત્રણ જ અક્ષરનું પણ, દરિયો એટલો વિશાળ કે પોણી દુનિયા જેટલી જગ્યા રોકે. ગજબનો ઊંડો, પણ મૂંગો નહિ. ધિંગામસ્તી કરતો ઘેરે રવે ગાજે. આખું ગામ સમાઈ જાય એવડા મોટા જહાજને તે એક મોજામાં તોડી નાખે. સો હાથી જેવડી એક એવી કેટલીય વ્હેલ તેમાં રહે. ભરતી આવે ત્યારે ગાંડો લાગે પરંતુ ઓટ આવે એટલે ડાહ્યો થઈ જાય. એનાં મોજાં ફૂંફાડા મારે પણ કરડે નહિ. ઘૂ ઘૂ કરી સૌને ડરાવે પણ હું તો ડરું જ નહિ. કેમ કે દરિયો તો મારો દોસ્ત છે.

**દરિયાના વીડિયોની ક્લિપ બતાવવી :**


**તમે દરિયાનો વીડિયો જોયો. પણ ખરેખર આંખ સામે જોયો છે? તે એટલો વિશાળ હોય કે આપણી આખી દુનિયાના ચાર ભાગ કરીએ તો એમાંથી ત્રણ ભાગ એટલે ત્રણ ચતુર્થાંશ જેટલી જગ્યામાં તો દરિયો જ છે. એટલે જ તો તેને મહા...સાગર કહેવામાં આવે છે! આ મહાસાગર કેવો કેવો છે તે ગીતમાં જોઈએ :**

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# મહાસાગર



ખારાં-ખારાં ઊસ જેવાં
આછાં-આછાં તેલ,
પોણી દુનિયા ઉપર એવાં
પાણી રેલમછેલ!
આરો કે ઓવારો નહીં;
પાળ કે પરથારો નહીં;
સામો તો કિનારો નહીં.
પથરાયા એ જળભંડાર સભર ભર્યા!
આભના સીમાડા પરથી,
મોટા-મોટા તરંગ ઊઠી,
વાયુવેગે આગળ ધાય,
ને અથડાતા-પછડાતા જાય!

ઘોર કરીને ઘૂઘવે,
ગરજે સાગર ઘેરે રવે!
કિનારાના ખડકો સાથે!
ધિંગામસ્તી કરતો-કરતો,
ફીણથી ફૂંફાડા કરતો,
ઓરો આવે, આઘો થાય.
ને ભરતી-ઓટ કરતો જાય!
ઊંડો-ઊંડો ગજબ ઊંડો!
માણસ ડૂબે ! ઘોડા ડૂબે!
ઊંચાં ઊંચાં ઊંટ ડૂબે!
હાથી જેવાં તૂત ડૂબે!
કિલ્લાની કિનાર ડૂબે!
તાડ જેવાં ઝાડ ડૂબે!
મોટા-મોટા પહાડ ડૂબે!
ગાંડો થઈને રેલે તો તો
આખી દુનિયા જળબંબોળ જળબંબોળ!
વિશાળ લાંબો પહોળો ઊંડો
એવો મોટો ગંજાવર!
એના જેવું કોઈયે ન મળે!
મહાસાગર તો મહાસાગર!

- ત્રિભુવનદાસ વ્યાસ

- **વાતચીત :**
  - કવિતાની કઈ પંક્તિ ગાવાની મજા પડી?
  - જ્યાં ઘણુંબધું પાણી હોય એવી કઈ જગ્યા તમે જોઈ છે?
  - દરિયો કોણે જોયો છે? ક્યાં? તે દૃશ્યનું વર્ણન કરો.
  - ‘દરિયા’ સાથે યાદ આવે તેવા શબ્દો બોલો.
  - ઊંચાં ઊંચાં ઝાડનાં નામ કહો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- પાણીમાં શું શું તરે અને શું શું ડૂબે?
- સાબુના ફીણમાંથી પરપોટા કેવી રીતે બનાવાય?
- તમને કાગળની હોડી બનાવતાં આવડે છે? તેની રીત કહો. જેને નથી આવડતી તેને શીખવો.
- વાવાઝોડું આવે ત્યારે દરિયો કેવો લાગતો હશે?

**ઉદાહરણ મુજબ કવિતામાંથી પ્રાસવાળા શબ્દો શોધો.**

**ઉદાહરણ :** આરો – ઓવારો　　અથડાતા – .........　　......... – રવે

તાડ – .........　　ધાડ – .........　　......... – .........

**જોડીમાં કામ કરો. સંવાદ ભજવો.**

મહાસાગર : હાય! પર્વતભાઈ? કેમ છો ?

પર્વત : એમ તો મજામાં છીએ પણ તમારા જેવું અમારું રાજ નહિ હોં! તમે તો પોણી દુનિયા પર પથરાયા છો. દુનિયાના લગભગ ૭૫% ભાગ પર તો જાણે તમારું જ રાજ!

મહાસાગર : હા, એ ખરું પણ એટલે જ અમારે આરો કે ઓવારો નથી. એનું શું?

પર્વત : આરો કે ઓવારો એટલે શું?

મહાસાગર : અરે!પર્વતભાઈ, તમે એટલુંય ન સમજ્યા? આરો એટલે કિનારો અને ઓવારો એટલે નહાવા ધોવાનો ઘાટ. અને પર્વતભાઈ અમારે તો પરથારો પણ નહિ બોલો!

પર્વત : વળી આ પાછું નવું લાવ્યા? પરથારો એટલે શું એય સમજાવી દો ત્યારે.

મહાસાગર : પરથારો એટલે પહોળું પગથિયું. વળી, ઘેરે રવે એટલે કે ગાઢ અવાજ કરીને અમે ઊછળી શકીએ પણ થાક ખાવા બેસીએ ક્યાં?

પર્વત : અરે મારા વહાલા દરિયાલાલ! તમારી પાસે સભરભર્યા એટલે કે છલોછલ, ભરપૂર પાણી તો છે. પછી, બીજું શું જોઈએ તમારે?

મહાસાગર : પર્વતભાઈ, અમારી પાસે ચોક્કસ હદ નથી. તમારે હદ તો ખરી. ઘોર ઘોર અવાજ કરીને અમે થાકી ગયા કે અમારે પણ ચોક્કસ સીમાડા જોઈએ પણ અમારું કોઈ સાંભળે તો ને?

પર્વત : ઓહ! મારે સીમાડા છે પણ હું તો કંટાળી ગયો છું ભઈસા'બ મારાથી તમારી જેમ ક્યાં ઊછળી શકાય છે.

મહાસાગર : હેં! એમ?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પર્વત : તમે નાહક દુઃખી થાઓ છો. તમારાં મોજાં ઊછળી ઊછળીને કેવાં ઘૂઘવે છે! ભરતી વખતે તો જોરભેર નજીક સામાં દોડી આવે ને ઓટ વખતે દૂર સરી જાય! કેવાં મજાનાં! તમે તો રોજ નવા નવા, હું તો એ જ જૂનો જોગી!

મહાસાગર : ભલા દોસ્ત! તું પણ કેવો રળિયામણો છે! આવ, ઓરો આવ. પાસે બેસી વાત કરીએ.

પર્વત : ના ભાઈબંધ ના. તમારું ગંજાવર શરીર જોઈને મને જરા ડર લાગે છે. હું ડૂબી તો નહીં જાઉં ને!

**આ સંવાદમાં આપેલા ગુલાબી રંગવાળા શબ્દોને કવિતામાંથી શોધી તેની નીચે લીટી કરો.**

**સાચા અર્થવાળું વાક્ય શોધો. તેની સામે ✓ કરો.**

**૧. પોણું - આખામાં પા ઓછું**

(અ) પોણી રોટલી ખાધી અને પા રોટલી બાકી રહેવા દીધી.

(બ) પોણી લોટો છે.

(ક) ભાવિન પોણીમાં છે.

**૨. સીમાડો - ગામની હદ**

(અ) આંબા પર કાગડાએ સીમાડો બાંધ્યો છે.

(બ) મારું ઘર સીમાડે આવેલું છે.

(ક) ખેતરમાં સીમાડોનું ઝાડ છે.

**૩. વાયુવેગે - પવનની ઝડપે**

(અ) બુલેટટ્રેન વાયુવેગે દોડે છે.

(બ) સીમરન વાયુવેગે ઊંઘે છે.

(ક) દરિયો વાયુવેગે ઊંડો છે.

**૪. ગરજવું - ગર્જના કરવી, ગાજવું, મોટેથી બરાડવું**

(અ) સિંહ ગરજે ત્યારે બધાં પ્રાણીઓ ડરી જાય છે.

(બ) ધીરજ ધીમે ધીમે ગરજે છે.

(ક) ચિંટુના જોક્સ પર ચીમનલાલ પેટ પકડીને ગરજવા લાગ્યા.

**૫. ફૂંફાડો - ફૂફવાટો**

(અ) બિલાડી દૂધમાં ફૂંફાડો કરે છે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(બ) વાદળ ગરજતાં મોર ફૂંફાડો કરીને કળા કરવા લાગ્યો.

(ક) નોળિયાને જોઈ નાગ ફૂંફાડો મારવા લાગ્યો.

૬. ભરતી - સમુદ્રના પાણીનું ઊંચે ચડવું અને કિનારા તરફ આવવું તે

(અ) ભરતી આજે શાળાએ આવી નથી.

(બ) કોઠીમાં અનાજની ભરતી આવી તેથી તે ખાલી થઈ ગઈ.

(ક) દરિયામાં ભરતી આવે ત્યારે મોજાં ઊંચે સુધી ઊછળે છે.

૭. ઓટ - ભરતીનું ઓસરી જવું તે

(અ) ભરતી પછી ઓટ આવે જ.

(બ) ઓટમાંથી રોટલો બને.

(ક) ચૂંટણીના દિવસે પપ્પા ઓટ આપવા જાય છે.

## દરિયાને બીજું શું શું કહેવાય તે જાણો.

**ઉદધિ**-પાણીનો જથ્થો, **જલધિ**-જળનો જથ્થો, **અંબુધિ**-પાણીનો ભંડાર, **વારિધિ**-પાણીનો ભંડાર, **જળનિધિ**-જળનો ભંડાર, **પયોનિધિ**-પાણીનો ભંડાર, **મહેરામણ/મહાસાગર**-મોટો દરિયો, **રત્નાકર**-રત્નોની ખાણ ઉપરાંત અર્ણવ, જળાબ્ધિ, સમુદ્ર, સિંધુ, અબ્ધિ વગેરે

## કોષ્ટકમાં આપેલા શબ્દો સાથે સંબંધ ધરાવતા શબ્દો કવિતામાંથી શોધીને લખો.

| પાણી | વિશાળતા | મોજાં | ઊંડાણ |
|---|---|---|---|
| **ઉદાહરણ :** ખારાં ખારાં | | | |

## ઉપર નોંધેલી વિગતો પરથી પ્રશ્નોના જવાબ આપો :

૧. મહાસાગર કેટલો વિશાળ છે? ............................................................

૨. મહાસાગરનું પાણી કેવું છે? ............................................................

૩. મહાસાગર કેટલો ઊંડો છે? ............................................................

૪. મહાસાગરનાં મોજાં કેવાં છે? ............................................................

૫. મહાસાગર કેવો અવાજ કરે છે? ............................................................

## કવિતામાં તમને ગમતી પંક્તિઓ નીચે લીટી કરો.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## નીચેનામાંથી કયો અર્થ સાચો છે તે કહો. (જોડીકાર્ય)

૧. **સામો તો કિનારો નહિ.**

(અ) દરિયાને બીજો કિનારો ના હોય.

(બ) દરિયાનો સામો કિનારો.

(ક) ખૂબ દૂર હોય.

૨. **વાયુવેગે આગળ ધાય.**

(અ) વાયુ બની જાય.

(બ) આગળ જઈને હવા બની જાય.

(ક) ખૂબ ઝડપથી આગળ વધે.

૩. **ગરજે સાગર ઘેરે રવે.**

(અ) સાગરને ઘેરી લે.

(બ) ખૂબ મોટા ગૂંજતા અવાજે સાગર ગર્જના કરે છે.

(ક) સાગર ઘરે જઈને રડે.

૪. **કિનારાના ખડકો રવે.**

(અ) સાગરનું પાણી કિનારાના ખડકો સાથે અથડાઈને અવાજ ઉત્પન્ન કરે.

(બ) કિનારે જઈને ખડકો રડે.

(ક) ખડકનો કિનારો.

૫. **ફીણથી ફૂંફાડા કરતો.**

(અ) નાગની ફેણની જેમ ફૂંફાડા મારતાં દરિયાનાં મોજાં.

(બ) સાબુના ફીણ જેવો

(ક) ફીણ નામનો સાપ ફૂંફાડા મારે.

## ઉદાહરણ મુજબ જંળબંબોળં જેવા બીજા શબ્દો બોલો અને લખો.

**ઉદાહરણ :** આખી દુનિયામાં જળ ફરી વળતાં દુનિયા – જંળબંબોળં

૧. આ કવિતા વાંચવાની મને મજા આવી હવે હું તો – ....................

૨. ખનીજતેલ લઈને જતું જહાજ દરિયામાં ઊંધું પડ્યું. બધું તેલ દરિયામાં ઢોળાઈ જતાં દરિયો .................... થઈ ગયો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. ઉર્વિલને ઈનામમાં ખૂબ ધન મળતાં ઉર્વિલ ………………… થઈ ગયો.

૪. કરુણાને ખૂબ વાતો કરવાની ટેવ છે. આજે બહુ દિવસે બહેનપણી સાથે વાત કરવા મળી એટલે એ ………………… થઈ ગઈ.

૫. આશાને ગીત ગાવાનું બહુ ગમે છે. ગીત ગાતી વખતે ………………… થઈ જાય છે.

## એના જેવું કોઈ નહિ. (ઘરકામ)

**ઉદાહરણ :** મહાસાગર તો મહાસાગર

૧. મમ્મી તો …………………… ૨. …………………………… ૩. ……………………………

૪. …………………………………… ૫. …………………………… ૬. ……………………………

## કવિતાની પંક્તિઓને વાર્તાનાં વાક્યોની જેમ મોટેથી બોલો અને લખો.

**ઉદાહરણ :** કવિતાની પંક્તિ - ખારાં-ખારાં ઊસ જેવાં

વાર્તાના વાક્યની જેમ - મહાસાગરનું પાણી ખારું ઊસ જેવું છે.

૧. વાયુવેગે આગળ ધાય ………………………………………………………………………

૨. ઊંડો-ઊંડો ગજબ ઊંડો! ……………………………………………………………………

૩. ઊંચાં ઊંચાં ઊંટ ડૂબે! ………………………………………………………………………

૪. ગાંડો થઈને રેલે તો તો આખી દુનિયા જળબંબોળ જળબંબોળ! ………………………
………………………………………………………………………………………………………

૫. વિશાળ લાંબો પહોળો ઊંડો એવો મોટો ગંજાવર! ………………………………………

## 'સાચો બેટો-ખોટો બેટો'માંથી 'પરંતુ' શબ્દ આવતો હોય એવાં વાક્યો લખો. (ઘરકામ)

………………………………………………………………………………………………………

………………………………………………………………………………………………………

………………………………………………………………………………………………………

………………………………………………………………………………………………………

## ખોટો વિકલ્પ છેકો. સાચો વિકલ્પ ઘૂંટો.

**ઉદાહરણ :** નવીન તોફાની છે **પણ**/~~તેથી~~ હોશિયાર છે.

૧. રિયાને રમવું છે પણ/તેથી તેની સાથે રમવા કોઈ તૈયાર નથી.

૨. તમારી વાત સાચી છે પરંતુ/તેથી મારાથી કશી મદદ થઈ શકે એમ નથી.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. જંગલમાં ઘણાં ઝાડ છે તેથી/પણ તે લીલુંછમ દેખાય છે.

૪. આજે રવિવાર છે તેથી/પણ રજા નથી.

૫. ચાલવાની મજા આવે છે પરંતુ/તેથી કૃપા રોજ સવારે ચાલવા જાય છે.

**ઉદાહરણ જુઓ, તેને આધારે વાક્યો નીચે યોગ્ય નિશાની કરો. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

ઉદાહરણ : **ગૌરવ નાપાસ થયો પરંતુ તે હિંમત ના હાર્યો.**

ગૌરવ નાપાસ થયો પરંતુ તે હિંમત ના હાર્યો.

**આ મોબાઈલ મોંઘો છે પણ મારે તો ખરીદવો છે.**

આ મોબાઈલ મોંઘો છે પણ મારે તો ખરીદવો છે.

**ધ્રુવ હોશિયાર હતો તેથી તે પાસ થઈ ગયો.**

ધ્રુવ હોશિયાર હતો તેથી તે પાસ થઈ ગયો.

૧. તમે મને આમંત્રણ આપ્યું પણ હું નહીં આવી શકું.

૨. અમૃતા હોશિયાર છે ……………… ઋત્વી જેટલી નહિ.

૩. દાદીને આજે ઉપવાસ છે ……………… આજે તેઓ જમશે નહિ.

૪. કોયલનો રંગ કાળો છે ……………… કંઠ મીઠો છે.

૫. અમરતકાકીને મંગુ વહાલી છે. ……………… તેઓ તેને બહુ વહાલ કરે છે.

૬. કરિશ્માને કેશોદવાળા કાકાના ઘરે રહેવું બહુ ગમે છે ……………… તે રજાઓમાં કેશોદ જશે

૭. એન્થોનીને અભિનય સરસ આવડે છે ……………… જાહેરમાં અભિનય કરતાં ડરે છે.

૮. શ્રેય સૌને મદદ કરે છે ……………… બધાં તેને માન આપે છે.

૯. જુમાએ વેણુને બચાવવાના ઘણા પ્રયત્નો કર્યા ……………… તે તેને બચાવી શક્યો નહિ.

૧૦. બધાંને હતું કે મેરી કોમ હારી જશે ……………… તે જીતી ગઈ.

**વર્ગમાં ચાર જૂથ બનાવો. પહેલું જૂથ કોઈ વાક્ય બોલે બીજા જૂથે 'પણ' સાથે બીજું વાક્ય ઉમેરવાનું. ત્રીજા જૂથે વાક્ય બોલવાનું, ચોથું જૂથ 'પરંતુ'થી બીજું વાક્ય ઉમેરવાનું. જૂથનો ક્રમ બદલીને આ રમત રમો.**



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ઉદાહરણ ધ્યાનથી વાંચો. કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને તેમજ 'પણ', 'પરંતુ' કે 'તેથી'નો ઉપયોગ કરીને વાક્ય યોગ્ય રીતે પૂરું કરો.

૧ વિમળાને વાંચવું ગમે છે 'પણ/પરંતુ' તેની પાસે પુસ્તક નથી.
વિમળાને વાંચવું ગમે છે "તેથી" તે પુસ્તકાલયમાંથી ચોપડી લાવે છે.

૨ સરોજને ઘડિયાળ ખરીદવી હતી 'પણ/પરંતુ' ..................................................
સરોજને ઘડિયાળ ખરીદવી હતી 'તેથી' ..................................................

૩ પરીક્ષા નજીક છે ............... ..................................................
પરીક્ષા નજીક છે ............... ..................................................

૪ દરિયો પાણીથી ભરપૂર હોય ............... ..................................................
દરિયો પાણીથી ભરપૂર હોય ............... ..................................................

૫ આકાશમાં ઘનઘોર વાદળ છે ............... ..................................................
આકાશમાં ઘનઘોર વાદળ છે ............... ..................................................

૬ અજિત દોડતો દોડતો આવ્યો ............... ..................................................
અજિત દોડતો દોડતો આવ્યો ............... ..................................................

- તે પાણી પીવામાં કામ ના લાગે.
- તેણે ગલ્લો બનાવી રૂપિયા ભેગા કર્યા.
- તે થાક્યો નથી.
- તે હાંફે છે.
- વરસાદનો છાંટોય પડતો નથી.
- સૂરજ દેખાતો નથી.
- જીગર વાંચવા બેસતો નથી.
- તેમાં મોટાં જહાજ ચાલી શકે.
- માયા તૈયારી કરે છે.
- તેણે મમ્મી પાસે જીદ કરી નહીં.

## નીચેનાં ચિત્રો જુઓ. તે બંનેમાં શું જુદું છે તે કહો.







મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## બંને ચિત્રોનું એકસાથે વર્ણન કરો. તે માટે 'પણ', 'પરંતુ', 'તેથી' શબ્દોનો ઉપયોગ કરો.

## હસો અને ભજવો.

મહેન્દ્ર: કાલે હું અને સિંહ સામસામે હતા.

નરેન્દ્ર : પછી...?


મહેન્દ્ર: પછી... તેણે મારી સામે જોયું. મેં તેની સામે જોયું. તેણે મારી સામે જોઈ ઘૂરકિયું કર્યું.

નરેન્દ્ર : બાપ રે! પછી... પછી તેં શું કર્યું?

મહેન્દ્ર: ...પછી શું? હું બીજા પાંજરા પાસે ગયો.

## લગભગ સરખા :

**બળિયું**-જોરાવર; **બાથ ભીડવી**-મોટું કામ હિંમતભેર ઉપાડવું; ટક્કર ઝીલવી; **ગજું**-શક્તિ; **ઊસ**-એક ક્ષાર; **આરો**-કિનારો; **ઓવારો**-કિનારો; **પરથારો**-નાનો ઓટલો; **જળભંડાર**-પાણીનો સંગ્રહ; **સભર ભર્યા**-પૂરેપૂરા ભરેલા; **તરંગ**-પાણીની લહેર, મોજું; **ધાય**-દોડે; **ઘોર**-ઘેરો અવાજ કે રણકો; **ઘૂઘવવું**-'ઘૂ ઘૂ' એવો અવાજ કરવો, ગર્જવું; **રવવું**-અવાજ કરવો; **ઓરો**-પાસે; **આઘો**-દૂર; **તૂત**-બનાવટી વાત, જૂઠાણું; **ગંજાવર**-ઘણું મોટું






મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તને સાંભરે રે... (એકમ ૧ થી ૪ માટે)

- પ્રાણી, પક્ષીઓ વિશે કઈ નવી વાતો તમે જાણી?
- ‘જળબંબોળ’ જેવા શબ્દો બનાવવાની પ્રવૃત્તિમાં કોનો શબ્દ તમને ખૂબ ગમ્યો હતો? કયો શબ્દ?
- વાર્તા પૂરી થતાં પહેલાં તેમાં આગળ શું થશે તે તમને ખ્યાલ આવી ગયેલો? ક્યારે? કેમ?
- કવિતાની કડીઓનો ક્રમ યાદ રાકવા તમે કોઈ ટ્રીક અજમાવેલી? કઈ?
- ‘મહાસાગર’ ભણાવતી વખતે મેં બૉર્ડ પર શું લખ્યું હતું?
- ‘પણ’, ‘પરંતુ’, ‘તેથી’ માટે આપણે કઈ નિશાની કરતાં હતાં? કેમ?
- ‘શંખલાની બહેન છીપલી’ માં ભાઈ-બહેનની વાત ક્યારે ક્યારે આવતી હતી?
- તાળી વડે વાક્ય બનાવવાની રમત શીખતી વખતે શી મુશ્કેલી પડી હતી? તે રમત સૌથી પહેલાં કોને આવડી ગઈ હતી? તેણે બીજાને શું સમજાવીને શીખવી હતી?
- ‘તેને તે ઊગશે?’ એકમમાં આપણે મજેદાર પ્રશ્નો બનાવ્યા હતા. કોનો પ્રશ્ન તમને યાદ છે? કેમ?
- ‘કૂકડીને કલગી ઊગે?’ વાર્તામાં તમે કયા નવા શબ્દો શીખ્યાં હતાં? તે શબ્દોનો ઉપયોગ થાય તેવાં નવાં વાક્ય બનાવીને બોલો.
- ‘ખિસ્સું’ નાટકમાં કયાં કયાં પાત્ર આવે છે? તે પાત્ર કોણે ભજવેલાં?
- ‘મારું પ્રિય વસ્ત્ર’ પ્રવૃત્તિમાં તમે કયા વસ્ત્રની વાત લખી હતી?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in